# ઢળતી સાંજે

અમદાવાદના પૉશ કહેવાતા લૉ ગાર્ડન વિસ્તારની સમી સાંજનો સૂરજ પશ્ચિમ દિશા તરફ ગતિ કરી રહ્યો હતો. એ આથમતી સંધ્યાના આછા અંધકારમાં લે જાર્ડિન ઍપાર્ટમેન્ટના સાતમા માળના ફ્લૅટમાં ઉંમરના ઢોળાવ તરફ આગળ વધી રહેલ વયસ્ક આરામખુરશી પર માથું ઢાળી શહેરની ધમાલ જોઈ રહ્યા હતા. અમદાવાદ એટલે ગુજરાતનું હૃદય, સતત ધબકતું શહેર. એક સમયે સાબરમતી નદીના કિનારે વસેલું નાનકડું ગામ, આજે મહાનગરમાં પરાવર્તિત થઈ ચૂક્યું હતું, સમયના વહેણ સાથે આ શહેરે પોતાની પ્રાચીન ઓળખ જાળવી રાખીને આધુનિકતાને પોતાનામાં ઉતારી લીધી. પોળોથી થનગનતું આ શહેર હવે ઇમારતી જંગલ વચ્ચે પોતાના વિકાસની હરણફાળ દોડ મૂકી અવ્વલ થવાની હોડમાં સામેલ થવા મથી રહ્યું હતું. અહીંયાં વિકસતો જતો વેપાર અને એ સાથે જ વધતી જનસંખ્યા આ શહેરને પળનીય જાણે નવરાશ લેવા નહોતું દેતું. યુવાન હૈયાંઓ કંઈ કેટલાંય સપનાં સેવીને આ શહેરમાં આવતાં ને પછી અહીંનાં જ થઈને રહી જતાં. કેટલાંક તનતોડ મહેનત કરતાં તો કેટલાંક પોતાની બુદ્ધિથી વેપાર કરતાં પણ આ શહેરમાં એક વાર આવ્યા બાદ ભાગ્યે જ કોઈ અહીંથી જવાનું નામ લે. આ શહેર જાણે દરેકને પોતાનામાં સમાવી લેતું.

વાહનોની સતત ચહલપહલ કરતી સડકોને એ વૃદ્ધ થતી આંખો જોઈ રહી હતી, એ દૃશ્ય ઘરડી થતી આંખો માટે કોઈ કાળે રમણીય નહોતું. શહેરનો આ ઘોંઘાટ, જે યુવાનો માટે પ્રગતિ અને જીવનનો ધબકાર હોઈ શકે છે, પણ આ વયસ્ક માટે તો જાણે એક કર્કશ અવાજ હતો, એ એમના ચહેરાની શુષ્ક પડી ગયેલી રેખાઓ અને એમના બિડાઈ રહેલા હોઠ પરથી સ્પષ્ટપણે જણાઈ આવતું હતું. અદ્યતન સુખસુવિધાઓથી સજ્જ એ ફ્લૅટની બાલ્કનીમાં પાથરેલું આર્ટિફિશિયલ ઘાસ એ નબળા પડી ગયેલા પગમાં જાણે ખૂંચી રહ્યું હતું. કુદરતી લીલા ઘાસના નરમ મુલાયમ સ્પર્શની જગ્યાએ આ કૃત્રિમ સપાટી થકી

એક-એકલતા જાણે એમના રોમરોમમાં ફેલાઈ રહી હતી. એ વ્યક્તિએ એમના પગ આરામખુરશીના પાયા પર ટેકવી દીધા ને જાણે એમ કરીને એમને કૃત્રિમ ઘાસ માટેનો પોતાનો અણગમો પણ વ્યક્ત કર્યો.

આ ઘડપણના ઉંબરે આવીને ઊભેલી વ્યક્તિ એટલે ગિરીશભાઈ, રિટાયર્ડ ઍડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ, પોતાની નોકરીના સમયગાળા દરમિયાન દર ત્રણ વર્ષે થતી બદલીને કારણે ગુજરાતના મોટા ભાગના શહેરમાં ફરી-ફરીને એના પાણી પી ચૂકેલા ગિરીશભાઈએ ઉત્તર ગુજરાતની ભોળી અને શાંતિપ્રિય પ્રજાય જોઈ હતી, તો સૌરાષ્ટ્રની ખમીરવંતી અને મહેમાનગતિ કરનારી પ્રજાનો પણ અનુભવ કર્યો હતો. દક્ષિણ ગુજરાતની લીલીછમ ધરતીનેય માણી હતી. પરંતુ, આટલાં બધાં શહેરોમાં ફર્યા હોવા છતાં, ગિરીશભાઈને તેમના નોકરીના કાર્યકાળ દરમિયાન ક્યારેય અમદાવાદની મહેમાનગતિ માણવાનો અવસર મળ્યો જ નહોતો. પણ નસીબની વાત જ સાવ નિરાળી છે કોને, ક્યારે, ક્યાં ખેંચી જાય એ કોઈ નથી જાણતું. જે અમદાવાદ ક્યારેય તેમના કાર્યક્ષેત્રનો ભાગ નહોતું બન્યું, આજે એ જ શહેર તેમનાનિવૃત્તિનું સ્થાન બન્યું હતું. કદાચ સમયની ગતિ અને જીવનના વળાંકો આવાં જ હોય છે. જે વસ્તુ ક્યારેય શક્ય ન લાગતી હોય, તે અચાનક જ હકીકત બની જાય છે.

35 વર્ષથી પણ વધુ સમય સુધી સિવિલ જજથી શરૂ કરીને ઍડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે કામગીરી બજાવી ચૂકેલા ગિરીશભાઈ દેખાવે સાવ સરળ અને સાદગીપૂર્ણ લાગતા, કોઈ પણ જાતનો દબદબો એમના જીવનમાં ક્યાંય ન દેખાતો, એમના સાથી મિત્રો જ્યારે બે નંબરના પૈસા લઈ પોતાનું ઘર ભરતા એવા સમયે ગિરીશભાઈના ઘરે એમના પગાર ઉપરાંતની એક વધારાની પાઈ પણ ન આવતી. એમના સમગ્ર કાર્યકાળ દરમિયાન તે એવા સ્વાભિમાનથી રહ્યા હતા કે આજેય એમની બોલબોલા દરેકેદરેક ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં થતી. એમની આ પ્રામાણિકતાના કિસ્સા એવા ફેલાયેલા હતા કે એમનાં ચારેકોર વખાણ તો થતાં જ પણ એ સાથે જ કેટલાંક અસામાજિક તત્ત્વોની હેરાનગતિનો પણ એમને ભોગ બનવું પડ્યું હતું, પણ એમણે તો એ બધાની પરવા કર્યા વગર બસ પોતાની જજ તરીકેની ફરજ સંપૂર્ણ પ્રામાણિકપણે નિભાવી હતી.

ગિરીશભાઈએ પોતાની જિંદગીના મોટા ભાગનો સમય સપ્તપર્ણીનાં વૃક્ષોથી લદાયેલા સરકારી બંગલામાં વિતાવ્યો ને એ બાદ પ્રકૃતિ સાથે જાણે એવો તે સંબંધ બંધાઈ ગયો હતો કેનિવૃત્તિ પછીનું જીવન પણ પ્રકૃતિના ખોળે જ

જીવવાનો એમને નિર્ણય કરી લીધેલો.

પોતાનું આખું જીવન નોકરીના લીધે અહીંતહીં ફર્યા હોય એ માણસને પોતાનું ઘર ન સાંભરે એવું તે કંઈ બનતું હશે? એટલે જ એમણે પોતાની જતી જિંદગી બેચરાજી નજીક આવેલ પોતાના વતન હાંસલપુરમાં વિતાવવાનો મક્કમ નિર્ણય કરી લીધો હતો. એમના આ નિર્ણયને એમનાં પત્ની કલાબહેને ખૂબ પ્રેમપૂર્વક વધાવી પણ લીધેલો.

ગિરીશભાઈ અને કલાબહેને જ્યારે જીવનની શરૂઆત કરી, ત્યારે જાણે સુખ અને સમૃદ્ધિ એમની આસપાસ વીંટળાઈને ઊભાં હતાં. ગિરીશભાઈની પ્રતિષ્ઠિત સરકારી નોકરી અને એમાંય એમનો ઊંચો હોદ્દો, એમના જીવનમાં તમામ પ્રકારની સગવડો લઈને આવ્યો હતો. ઘરના કામકાજથી લઈને બાગકામ સુધી અને વાહન ચલાવવા માટે માણસની પણ સરકાર તરફથી સુવિધા મળતી. કલાબહેન તો લગ્ન કરીને આવ્યાં ત્યારથી જ પાટલેથી ખાટલે ને ખાટલેથી પાટલે જેવી સ્થિતિમાં મોજથી જિંદગી જીવ્યાં હતાં. આ સુખસાહેબીના દિવસોમાં ગિરીશભાઈ અને કલાબહેને જીવનના દરેક રંગને માણ્યો.

ગિરીશભાઈને રિટાયરમેન્ટ પછી આવેલી પીએફ અને અન્ય ભથ્થાંની રકમ પણ એવી તે ઊંચી હતી કે એમનું બાકીનું જીવન પણ એવી જ જાહોજલાલીમાં પસાર થઈ શકે તેમ હતું, પણ એમણે એ બાકીનું જીવન ખૂબ જ સાદગીમય અને સરળ રીતે જીવવાનું વિચાર્યું હતું, ગિરીશભાઈ અને કલાબહેનનો એકનો એક દીકરો નિખિલ નાનપણથી જ હાઈ પ્રોફાઇલ લોકોની વચ્ચે ભણ્યો ને એમની સાથે જ મોટો થયો એટલે માતાપિતાનો આ નિર્ણય એને ચોક્કસ ડંખ્યો હતો, પણ ગિરીશભાઈ એમના નિર્ણય પર અડગ રહ્યા. તેઓ ગામડે જ જીવન વ્યતીત કરવાના મક્કમ નિર્ધારથી એકના બે ન થયા અને આ નિર્ણયમાં પત્ની કલાબહેને પણ એમને સંપૂર્ણ સહકાર આપ્યો.

દીકરો અને વહુ એ નાનકડા ગામમાં કઈ રીતે રહી શકશે એ તો ગિરીશભાઈ અને કલાબહેન પણ સારી રીતે જાણતાં હતાં અને એ ઉપરાંત વર્ષોથી અલગ રહેતાં દીકરા-વહુની સાથે રહી દરેક પરિવારમાં ઊપજતી હોય એવી ખટપટમાં પણ તેઓ પડવા નહોતાં માગતાં, એટલે જ એમણે બાકીનું જીવન શાંતિમય પસાર કરી શકાય એ માટે દીકરા નિખિલ અને વહુ શ્રેયાને એમની પસંદગીનું અલાયદું ઘર એની નોકરીના સ્થળે લઈ આપ્યું, દીકરો નિખિલ આમ તો

સંસ્કારી માતાપિતાનો સંસ્કારી દીકરો એટલે એને પિતાની આ વ્યવસ્થા ન ગમી, માતાપિતા એમની જતી જિંદગી એમના એકના એક દીકરા સાથે વિતાવે એવી નિખિલનીય ઇચ્છા હતી, પણ આખરે નિખિલે પિતાની ઇચ્છા સમક્ષ નમતું જોખવું પડ્યું. ગિરીશભાઈએ નિખિલને અમદાવાદમાં આલીશાન ઘર લઈ આપ્યું. ભગવાનની દયાથી દીકરાને નોકરી સારી હતી એટલે ઘર પાછળ ખર્ચેલી રકમ સિવાય બીજી કોઈ મદદની દીકરા નિખિલને જરૂર ન પડતી. એ એની રીતે એના પરિવારના મોજશોખ પૂરા કરતો ને એની જિંદગી એની રીતે જીવતો.

નિખિલ અને શ્રેયા બન્નેનું વર્તન માતાપિતા પ્રત્યે ખૂબ જ પ્રેમાળ અને આ જ સંસ્કાર એમના દીકરા નીલમાં પણ ઊતર્યા હતા. નીલ રજાઓના દિવસમાં એનાં માતાપિતા સાથે દાદાદાદીને મળવા હાંસલપુર પહોંચી જ જતો ને આ નાનકડો પરિવાર ત્યાં ખુશીખુશી રહેતો. સાસુવહુને એવું તે ભળતું કે જાણે બે જૂની સહેલીઓ, બંને મળે ત્યારે એવી તે વાતે વળગે કે વાત ન પૂછો, ને એ બેય સાસુવહુને ને જોઈ બાપદીકરો – ગિરીશભાઈ અને નિખિલ એમની મશ્કરી કરવાનો એક પણ મોકો જરાય જતો ન કરતા. સુખી કુટુંબની પરિભાષા સમો આ પરિવાર જોઈ ભલભલા એનાં વખાણ કરતાં થાકતા નહીં. કંઈ કેટલીય ખટપટમાં રહેતા પરિવારોથી તદ્દન જુદો જ આ પરિવાર જોઈ કોઈને પણ એની ઈર્ષ્યા થઈ આવે તો એમાં જરાય નવાઈ નહીં. બધાં સાથે હોય ત્યારે હાસ્યની એવી તો છોળો ઊડતી કે કોઈનીય આ પરિવારને નજર લાગી જાય અને થયું પણ કંઈક એવું જ. આ હસતા-રમતા પરિવારને એવી કાળી નજર લાગી કે પળ વારમાં જ આ ખુશીઓનું સામ્રાજ્ય જાણે વેરવિખેર થઈ ગયું અને હસતારમતા લોકોની જિંદગી એક અણધાર્યા વળાંક પર આવીને ઊભી રહી ગઈ.

ગિરીશભાઈ અને કલાબહેન સુખેથી પોતાનું નિવૃત્ત જીવન જીવી રહ્યાં હતાં. નોકરીમાંથી આઝાદ થયેલા ગિરીશભાઈને હવે રજાઓનું પણ ક્યાં કઈ ટેન્શન રહ્યું હતું. ઉંમરના એ છેલ્લા પડાવ પર સુખેથી જીવવાની ઇચ્છા ગિરીશભાઈ અને કલાબહેનની હતી અને એટલે જ ગિરીશભાઈ અને કલાબહેન થોડા-થોડા દિવસે દેવદર્શન માટે ક્યારેક દ્વારકા તો ક્યારેક ડાકોર, ક્યારેક અંબાજી તો ક્યારેક પાવાગઢ ઊપડી જતાં. અલબત્ત, મોટા ભાગની ટ્રિપ ગુજરાતની જ કરતાં જેથી કરીને પોતાના વહાલસોયા વતનથી બહુ સમય સુધી દૂર ન રહેવું પડે. આખરે બેઉને વતન વહાલું જ એટલું હતું.

એ દિવસે પણ ગિરીશભાઈ અને કલાબહેને દેવદર્શન માટે નજીકમાં જ આવેલા બેચરાજી જવાનું વિચાર્યું ને એ સાથે જ ગિરીશભાઈએ પોતાની બુલેટ લઈ બેચરાજી જવાનો પ્લાન પણ ઘડી નાખ્યો. ગિરીશભાઈને જુવાનીના દિવસોથી જ બુલેટ પ્રત્યે અપાર પ્રેમ હતો અને એટલે જ એમણે પોતાના માટે એક બુલેટ વસાવી હતી. વધતી ઉંમર પણ ગિરીશભાઈના એ બુલેટપ્રેમમાં ક્યારેય આડી નહોતી આવી. આમેય ગિરીશભાઈ બસ ઉંમરથી જ ઘરડા થયા હતા, બાકી એમનું શરીર આજે પણ એવું જ ખડતલ હતું. એકવડિયો બાંધો અને સારી એવી હાઇટને કારણે આજેય એ ઉંમર કરતાં પાંચ-સાત વર્ષ નાના જ લાગતા. એમની સ્વસ્થતા જોઈને તો આજના યુવાનોય શરમાઈ જતા.

કલાબહેન પણ પતિ ગિરીશભાઈ સાથે બુલેટ પર આવી ઘણી સવારી કરી ચૂકેલાં એટલે એમણે પણ બેચરાજી બુલેટ પર જવામાં કોઈ વાંધો ન દર્શાવ્યો. બંને પતિપત્ની સાંજના સમયે નીકળી પડ્યાં બેચરાજી બહુચરમાતાનાં દર્શન કરવા માટે. દર વખતની જેમ આ વખતે પણ રસ્તામાં બન્ને કંઈ કેટલીય વાતો કરતાં જતાં હતાં ત્યાં જ અચાનક સામેથી પુરપાટ વેગે એક ટ્રક આવી અને આ ટ્રકની અડફેટે આવી ગઈ ગિરીશભાઈની બુલેટ, બન્ને પતિપત્ની એ જ ઘડીએ રોડ પર જઈને પટકાયાં ને તરત જ બેભાન થઈ ગયાં. આસપાસ કોઈ જાણીતી વ્યક્તિએ એમને હૉસ્પિટલ પહોંચાડવામાં મદદ કરી અને એ બાદ એમના ગામના લોકોને જાણ કરી.

ગામવાસીઓએ પણ જેવી એમને ગિરીશભાઈ અને કલાબહેનના ઍક્સિડન્ટની ખબર પડી કે તરત જ વહેલી તકે નિખિલને એનાં માતાપિતાના સમાચાર આપ્યા ને એ સાથે જ દીકરો-વહુ દોડતાં હૉસ્પિટલમાં પહોંચી ગયાં. ગિરીશભાઈને માથામાં થોડી ઘણી ઈજા થઈ હતી, એમનો બરડો, ઘૂંટણ અને કોણી છોલાઈ ગયાં હતાં, પણ એ સિવાય કોઈ મોટી ઈજા એમને નહોતી થઈ, પણ કલાબહેનને તો પડતાંવેંત માથામાં પથ્થરની અણી પેસી ગયેલી ને એમાંય હૉસ્પિટલ પહોંચતાં સુધીમાં ઘણું બધું લોહી વહી ગયેલું. કાળનું કરવું એવું કે એ ઘા આખેઆખાં કલાબહેનને ભરખી ગયો. ડાયાબિટીસ અને બીપીનાં દર્દી કલાબહેનને ડૉક્ટર બચાવી શકે એવી હવે કોઈ આશા નહોતી રહી ને આખરે ડૉક્ટરે કલાબહેનને મૃત જાહેર કર્યાં. એ સાથે જ પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું. જે પરિવાર હમણાં સુધી ખુશીઓથી છલકાતો હતો, તેના પર અચાનક જ દુઃખનું કાળું વાદળ ઘેરાઈ ગયું. કલાબહેનના અકાળે થયેલા

નિધનથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું.

પોતાની જીવનસંગિની એમનો સાથ છોડી ગઈ એ વાતે જાણે ગિરીશભાઈ સાવ સુન્ન થઈ ગયા. એમેય પુરુષોને તો નાનપણથી જ કહેવામાં આવે છે ને કે છોકરી છે તે રડે છે... અને એ જ વાતને આખી જિંદગી યાદ રાખતો પુરુષ જ્યારે રડીને એનું મન હળવું કરવા માગતો હોય ત્યારે પણ નથી રડી શકતો. ગિરીશભાઈ કલાબહેનના જવાથી ચોધાર આંસુએ ચોક્કસ નહોતા રડ્યા, પણ એમની આંખોની એ ભીનાશ પળ વાર માટેય ઓઝલ નહોતી થઈ. એ ભીની આંખો તેમના હૃદયમાં રહેલા ઊંડા દુઃખ અને પત્ની પ્રત્યેના અતૂટ પ્રેમને વ્યક્ત કરતી રહેતી. કલાબહેનના જવાથી તેમના જીવનમાં એક ખાલીપો સર્જાયો હતો, જે તેમની શાંત અને સ્થિર આંખોમાં સ્પષ્ટ દેખાતો હતો. એ ભીનાશ જાણે તેમના મૌન દુઃખની સાક્ષી હતી, શબ્દોમાં વ્યક્ત ન થઈ શકે તેવા ઊંડા દુઃખની સાક્ષી.

લગ્ન થયાં ત્યારથી સંપૂર્ણપણે બસ કલાબહેન પર નિર્ભર બની ગયેલા ગિરીશભાઈ તો જાણે એમના ચાલ્યા ગયા બાદ અપંગ થઈ ગયા હોય એમ એમને લાગતું. જીવનની નાનામાં નાની વાતથી લઈને મોટામાં મોટી તકલીફ જેની સાથે વહેંચી હતી એ કલાબહેન હવે માત્ર એક તસવીરમાં જડાઈ ગયાં હતાં એ વાત જાણે ગિરીશભાઈના ગળે નહોતી ઊતરતી. જે ઘર ક્યારેક કલાબહેનનાં હાસ્ય અને વાતોથી ગુંજતું હતું, તે હવે આ શાંતિથી ખાલી લાગતું. સવારની ચાથી લઈને રાત્રિના ભોજન સુધી, દરેક ક્ષણે તેમને કલાબહેનની હાજરીનો અભાવ સાલતો.

ગિરીશભાઈ કલાકો સુધી કલાબહેનની તસવીરને નિહાળ્યા કરતા, મૌન બની ક્યાંય સુધી જાણે એ તસવીર સાથે વાતો કર્યા કરતા, કલાબહેનના એ રસોડાના ખૂણે જઈ બેસી જતા, ક્યારેક એમની જૂની સાડીઓમાં તો ક્યારેક એ વાંચતાં એ ભગવાનનાં પુસ્તકોમાં જાણે એ કલાબહેનને શોધ્યા કરતા. ક્યારેક લગ્નનો આલબમ કાઢીને તો ક્યારેક કલાબહેનના એ અરીસા પર લગાવેલા ચાંદલાને જોઈ એમની યાદોને વાગોળ્યા કરતા.

માતાની બારમા-તેરમાની ક્રિયા સુધી દીકરો નિખિલ પિતાનો પડછાયો બની એમની સાથે રહ્યો. વહુ શ્રેયાએ પણ સગી દીકરીની જેમ એમનાં આંસુ લૂછ્યાં, પણ સમય ક્યાં કોઈની રાહ જુએ છે, એ તો કોઈનીય પરવા કર્યા વગર બસ

અવિરતપણે દોડતો રહે, ભાગતો રહે ને માણસને એની પાછળ હંફાવતો રહે. ઘણા દિવસો વીતી ગયા હતા ને હવે નિખિલની ઑફિસની રજાઓ પણ પૂરી થવા આવી અને એને નાછૂટકે પોતાની જૉબ પર પરત ફરવું પડ્યું. નિખિલ નહોતો ઇચ્છતો કે એના પિતા આ હાલતમાં એકલા રહે અને એટલે જ એણે થોડા દિવસ શ્રેયા અને નીલને પિતા સાથે ગામડે રહેવા દેવાનો નિર્ણય લીધો, પરિસ્થિતિને સારી રીતે સમજતી શ્રેયાએ પણ આ નિર્ણય સામે કોઈ વાંધો ન ઉઠાવ્યો ને નીલે પણ હોંશેહોંશે ગામડે રહેવાનું સ્વીકારી લીધું.

નિખિલ દર શનિ-રવિ પોતાના પરિવારને મળવા ગામડે આવતો, પણ પિતાની હાલતમાં એને ઝાઝો કંઈ ફેર ન લાગતો, એ બસ આમ જ ગુમસૂમ ગુપચુપ આરામખુરશી પર બેસી રહેતા. શ્રેયા પણ હવે એમની સાથે વાતો કરવાનો પ્રયાસ કરી-કરીને થાકી ગઈ હતી. નીલ પણ હવે ગામડે રહી-રહીને એના શહેરના મિત્રોને યાદ કરી રહ્યો હતો.

આખરે નિખિલે પિતા સામે પોતાની સાથે પોતાના ઘરે અમદાવાદ રહેવા આવવાનો પ્રસ્તાવ મૂક્યો, પહેલી વારમાં તો ગિરીશભાઈએ ઝટ દઈને ફરમાન સંભળાવી દીધું, “હું ક્યાંય નહીં જઉં, હું અહી જ રહીશ, તમતમારે અમદાવાદ જવું હોય તો જાઓ, હું એકલો રહીશ, રાંધીશ ને જીવીશ, પણ હું અહીંયાંથી ક્યાંય નહીં જાઉં.”

દીકરા નિખિલે પણ પિતાનો વિરોધ દર્શાવ્યો, “હું તમને આમ એકલા તો ન જ રહેવા દઈ શકું, ન કરે નારાયણ ને તમને કંઈ થઈ જાય તો...” કહી નિખિલે વાત અધૂરી મૂકી.

“તે થઈ જાય તો થઈ જાય, હુંય ચાલ્યો જઈશ તારી મા પાસે, આમેય એક દિવસ તો જવાનું જ છે ને મારે પણ.” ગિરીશભાઈએ મક્કમતાથી કહ્યું.

ને એ સાથે જ નિખિલે અશ્રુસહ આંખે પિતા ગિરીશભાઈ તરફ જોતાં કહ્યું, “આવું ન બોલો પપ્પા, મમ્મી તો ચાલી ગઈ, હવે તમે આવી વાતો કરીને મને વધુ ઢીલો કરી મૂકશો. ચાલો ને મારી સાથે રહેવા, તમારો એકનો એક દીકરો છું હું, મારા હોવા છતાં પણ તમે આમ એકલા રહો તો લોકો કેવી વાતો કરે? મને પણ સારું નહીં લાગે કે મારા પિતા એકલા અને ઉદાસ જીવન જીવે.”

“જેને જેમ કહેવું હોય એમ કહે હું અહીંયાંથી મારી કલાને છોડીને ક્યાંય નહીં જઉં.” ગિરીશભાઈએ કલાબહેનના ફોટા તરફ જોતાં લાગણીસભર અવાજમાં